ક્રમાંક;મઉમશબ/શાનિ/ 22/22/23 156

ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
સેકટર-૧૦ બી, સચિવાલય પાસે,
ગાંધીનગર. તા:- 1-2-2018

પ્રતિ
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ,

વિષય:- શાળાઓમાં બાળકોની સલામતીના ધોરણો જાળવવા બાબત.

સંદર્ભ:- ૧) ગુ.મા અને ઉ.મા શિ.બોર્ડના ક્રમાંક:- મઉમશબ/ગ/૨૦૦૮/૬૮૬૦-૮૫તા.૨૧/૦૭/૨૦૦૮.

૨) ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડના ક્રમાંક:- મઉમશબ/સંશોધન/૩૨૯, તા.૨૦/૦૭/૨૦૦૯

૩) ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડના ક્રમાંક:- મઉમશબ/શાનિ/૧૫૮૮૯-૯૨૮, તા.૩૦/૧૦/૨૦૧૭.

૪) ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડના ક્રમાંક:- મઉમશબ/શાનિ/૧૫૧૧૧-૧૫૧, તા.૩૦/૧૦/૨૦૧૭.

૫) ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડના ક્રમાંક:- મઉમશબ/૧૫૨૮૯-૩૨૫, તા.૧૦/૦૫/૨૦૧૭.

શ્રીમાન,

ઉપરોકત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે બોર્ડ દ્વારા બોર્ડની માન્યતા લીધેલ શાળાઓમાં બાળકોની સલામતીના ધોરણો જાળવવા અંગે રાજયની તમામ સરકારી, ગ્રાન્ટેડ, બિનસરકારી, અને અન્ય વિભાગો દ્વારા સંચાલિત માધ્યમિક અને ઉચ્ચતર શાળાઓને વિગતવાર સૂચનાઓ સંદર્ભ દર્શિત પરિપત્રોથી કરવામાં આવેલ છે આ સૂચનાઓનું શાળાઓએ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

વધુમાં કમિશનરશ્રી વાહન વ્યવહાર, ગુજરાત રાજય ગાંધીનગરે તા.૨૩/૦૧/૨૦૧૮ના પત્ર ક્રમાંક:- માર્ગ સલામતી/અખબારી અહેવાલ/૨૦૧૭/૫૦૫ થી ટાઇમ્સ ઓફ ઇન્ડિયાના તા.૨૦/૦૧/૨૦૧૮ના દૈનિકમાં પ્રસિધ્ધ થયેલ અહેવાલ સંદર્ભે નીચે મુજબ સૂચન કરેલ છે. તે મુજબ શાળાકક્ષાએ રેકર્ડ નિભાવવાનું રહેશે.

" શાળાઓમાં જે વિદ્યાર્થી ટુ-વ્હીલર વાહનો લઇને આવે તેવા તમામ વિદ્યાર્થીઓની અલાયદી યાદી તૈયાર કરવી જેમાં વિદ્યાર્થીનું નામ,સરનામું સંપર્ક નંબર, વાલીનું નામ, સંપર્ક નંબર, સહિતની તમામ વિગતો તૈયાર રાખવી. "

અગાઉ સલામતી બાબતની જે સૂચનાઓ આપવામાં આવેલ છે તેનું પણ કડકપણે પાલન થાય તે ખાસ ધ્યાને લેવા સૂચના આપવામાં આવે છે.

સચિવ વતી
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

ક્રમાંક: માધ્ય.૩/સલામતી/૨૦૧૮/૨૨૦૨

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
બનાસકાંઠા, પાલનપુર
તા. ૦૨/૦૨/૨૦૧૮

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/ગ્રાન્ટેડ/નોન-ગ્રાન્ટેડ
મા. અને ઉ. મા. શાળાઓ તમામ

ઉપરોક્ત પરિપત્રનો ચુસ્તપણે અમલ કરવા જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા જિલ્લા, પાલનપુર.

Scanned by CamScanner